(Posted & Published on 5th day of Each Month)

દર મહિનાની ‘૫’ તારીખે પ્રકાશિત

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

1

ઓગસ્ટ ૨૦૨૬

RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

(ગુજરાતી માસિક)

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

## VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૮ ✦ વર્ષ-૭૭ ✦ માસ : અષાઢ ✦ સંવત-૨૦૮૨ ✦ તા. ૦૫-૦૮-૨૦૨૬

વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦ ✦ છુટક નકલ રૂ. ૫=૦૦

તંત્રી : કીર્તન દીક્ષિત



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ




પવિત્ર શ્રાવણ માસમાં પુનિતેશ્વર મહાદેવની પૂજા કરતા સંતશ્રી પુનિત મહારાજનું કાલ્પનિક ચિત્ર





રક્ષાબંધન

બળેવ



શ્રાવણ સુદ પૂનમ

જન્માષ્ટમી

શ્રાવણ વદ આઠમ



# વિદ્યાનગર છાત્રાલય નવનિર્માણ

વિદ્યાનગર છાત્રાલયના નવનિર્માણની કાર્યવાહી ચોકસાઈપૂર્વક તબક્કાવાર આગળ વધી રહી છે. જ્ઞાતિજનો તરફથી રૂ. પંચાવન લાખનું અનુદાન મળી ચૂક્યું છે અને સોળ લાખથી વધુનું અનુદાન જાહેર કરવામાં આવેલ છે. **તંત્રીશ્રી કીર્તન દીક્ષિત** પ્રેરિત શ્રી રણછોડરાય ધજા પધરામણી યોજનાને જ્ઞાતિજનો તરફથી સારો પ્રતિસાદ મળેલ છે. **શ્રી આનંદ મહારાજ તથા શ્રી કીર્તનભાઈ**ના ભજન સત્સંગના તા. ૨૯ થી ૩૧ ઑગસ્ટના કાર્યક્રમ દરમિયાન મુંબઈમાં રહેતા જ્ઞાતિજનોને આમંત્રણ પાઠવી સંપર્ક કરવાનું નક્કી કરેલ છે. જે થકી જ્ઞાતિજનોને મહામંડળની પ્રવૃત્તિથી અવગત કરી શકાય. કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી અને શ્રી રણછોડરાયની કૃપાથી છાત્રાલય નવનિર્માણનું કાર્ય પૂર્ણ કરવા સર્વે જ્ઞાતિજનોને તન-મન-ધનથી જોડાવા આગ્રહભરી વિનંતી છે.

| **રાકેશ એચ. પુરોહિત** | **કીર્તન દીક્ષિત** | **જયપ્રકાશ શુક્લ** |
|---|---|---|
| કન્વીનર, છાત્રાલય કમીટી | તંત્રી, વાલમ વર્તમાન | પ્રમુખ |

# કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર
# પાટોત્સવ હવન અને અન્નકૂટ

**આસો વદ આઠમ, સંવત ૨૦૮૨**
**તા. ૦૨-૧૧-૨૦૨૬ને સોમવાર સવારે ૭.૦૦ થી ૧૨.૦૦ કલાકે**

ચારેય વિભાગમાંથી એક-એક એમ કુલ ચાર યજમાન દ્વારા હવનપૂજા સંપન્ન થશે. જે જ્ઞાતિજનને પૂજામાં બેસવાની ઈચ્છા હોય તેમને નીચેના હોદ્દેદારનો તા. ૩૧-૦૮-૨૦૨૬ સુધીમાં સંપર્ક કરી નામ નોંધણી કરાવવાની રહેશે.

અન્નકૂટ આ વખતે જ્ઞાતિજનોના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવનાર છે. તેની વિગતથી આપને ટૂંક સમયમાં અવગત કરવામાં આવશે. દરેક વિભાગમાંથી વધુમાં વધુ જ્ઞાતિજનો લાભ લે તે ઈચ્છનીય છે.

| **જયપ્રકાશ શુક્લ, પ્રમુખ** | **મનોજ જોષી, મંત્રી** |
|---|---|
| **પ્રમોદ આચાર્ય, કન્વીનર** | **રાજેન્દ્ર મહેતા, ઉપપ્રમુખ** |


**પ્રમુખ :-**
જયપ્રકાશ શુક્લ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
**ઉપપ્રમુખ :-**
રાજેન્દ્ર મહેતા
મો. ૮૨૩૮૦૧૧૪૭૫
**મંત્રી :-**
મનોજ જોષી
મો. ૯૮૨૫૪૪૭૭૩૩
**તંત્રી :-**
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
**ખજાનચી :-**
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
**કાર્યાલય મંત્રી :-**
દીલીપ જે. મહેતા
મો. ૯૮૯૮૬૬૮૨૬૮
**સહતંત્રીઓ :-**
જયેશ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
મિતેશ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
હરેન્દ્રભાઈ વી. ભટ્ટ
મો. ૯૪૨૬૪૩૬૩૪૪
ડૉ. હેમંત એસ. પંડ્યા
મો. ૯૮૭૯૨૦૮૫૧૬
સત્યેન જોશી
મો. ૯૫૮૬૫૫૯૪૭૧
**કન્વીનર મંદિર કમિટી :-**
પ્રમોદભાઈ એન. આચાર્ય
**મો. ૯૮૨૫૯૭૫૮૪૯**
**કન્વીનર છાત્રાલય કમિટીઃ-**
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
**કન્વીનર શિક્ષણ કમિટી :-**
નિલેશભાઈ શુક્લ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
**કન્વીનર વેબસાઈટ કમિટી :-**
ચિન્મય વ્યાસ
મો. ૯૪૨૬૧૪૬૩૯૨
**કન્વીનર મિલકત કમિટી :-**
વિજય આચાર્ય
**મો. ૯૯૦૯૯૮૦૭૫૯**
**ટ્રસ્ટી મંડળ :-**
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોશી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેશભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોશી
મો. ૯૪૨૬૩૬૭૦૧૯


**ટાઈપ સેટિંગ :** દિનેશ દરજી (મો. ૯૮૨૫૩૦૪૬૭૫), ઈ-મેઈલ : darjidinesh4675@gmail.com

# 'વાલમ રત્ન' - ભક્તરાજ : દેવશંકર નરસીંહદાસ પુરોહિત







જન્મ : સંવત ૧૯૪૪, વૈશાખ વદી નોમ, રવિવાર, જન્મ સ્થળ : લિંબાસી

પિતા : નરસીંહદાસ જેઠારામ પુરોહિત, દાદા : જેઠારામ સદારામ પુરોહિત

ગામ : ખાંધલી, તા. વસો, જિ. ખેડા

સ્વર્ગવાસ : સંવત ૨૦૨૧, ભાદરવા સુદ ત્રીજ (કેવડાત્રીજ), બુધવાર

દેવશંકર નરસીંહરામ પુરોહિતના પિતા નરસીંહરામ આર્થિક રીતે સુખી સંપન્ન તતા પોતાનો ઘોડા રાખતા અને સુખી વ્યાવસાયીક જીવન જીવતા. પરંતુ બાળ દેવશંકરના મન પર પોતાના દાદા શ્રી જેઠારામ સદારામ પુરોહિત જે પૂર્ણ ભક્તિમય જીવન જીવતા અને ગ્રામજનો દ્વારા પૂજાતા હતા. તેમના જીવનની ખૂબ જ અસર હતી.

બાળપણથી ભક્તિમાર્ગમાં આગળવધી શ્રી વિષ્ણુસહસ્ર નામનો નિત્ય પાઠ કરતા અને શ્રીમદ્ ભાગવદ્ પુરાણનો પણ અભ્યાસ કરી પોતે કથાવાચક બન્યા હતા.

ભાગવદ્‌ની સાથે ભજન કરતા હોવાથી ચરોતરના અનેક ગામોમાં 'ભગત'ના નામે પ્રસિદ્ધ થયા હતા. ગામે ગામ

NISHIT BHATT (CONSULTANT ) +919537084441
NISHIT@FINTRUSTINVESTMENTS.IN
www.fintrustinvestments.in

FINTRUST
INVESTMENTS PVT LTD

- MUTUAL FUNDS
- SIP / STP / SWP
- PMS / AIF / SIF
- NRI INVESTMENTS
- STOCK BROKING / DEMAT
- BONDS / FIXED DEPOSIT

Address : B-308, Inceptum, Nr. Tranquil, Opp. Hotel Planet Landmrk, Iscon Ambli Road, Ambli, Ahmedabad-380058.

ડૉ. ધૈર્ય ભાઈલાલભાઈ ભટ્ટ (M) 7383245526

માતૃ ક્લિનીક
૨૪, સહજ રેસીડેન્સી,
નિકોલ લેક ગાર્ડન પાસે,
નિકોલ,અમદાવાદ

રુદ્રાય હોસ્પિટલ
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક,
દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે
નિકોલ-નરોડા રોડ, નિકોલ

ભજન કરી લોકોને ભક્તિ માર્ગમાં જોડતાં.

તેમના ધર્મપત્ની નર્મદાબા તે સમયે ફાઈનલ પાસ સુશિક્ષિત હોવા છતાં પણ ભગવદ્ ભક્તિમાં રંગાયેલા રહેતા.

તેઓ દર પૂનમે ડાકોર દર્શને જતાં. દર વર્ષે ડાકોર મંદિરની બહાર નીકળવાની જે જગ્યા છે ત્યાં ભજન સપ્તાહ થતી. જ્યાં તેઓ ભજન સપ્તાહના આચાર્ય તરીકે પૂજાતા.

ગુજરાતના પ્રસિદ્ધ ભજનીકો જેવા કે રામભક્ત તથા પુનિત મહારાજને આમંત્રણ આપી ગામમાં ભજન કરાવતા. આપણાં જ્ઞાતિના મહાન સંત એવા શ્રી પુનિત મહારાજ સાથે તો તેઓને ખૂબ જ મૈત્રીપૂર્ણ સંબંધ હતો. સંત પુનિતે દેવશંકર ભગતને 'ભક્તરાજ'નું બિરુદ આપ્યું હતું.

ભક્તરાજને ૧૯૩૯માં આફ્રિકામાં શ્રીમદ્ ભાગવદ્ સપ્તાહ કરવા માટે બોલાવવામાં આવ્યા હતા. ત્યાંથી જે કાંઈ પણ દાન દક્ષિણા મળી હતી તે ઘરે પાછા પહોંચતા પહેલા જ સંસ્કૃત પાઠશાળા માધવબાગ (મુંબઈ)માં સમર્પિત કરી દીધી હતી.

આપણી જ્ઞાતિના દાતાશ્રી નરેન્દ્રભાઈ ભટ્ટ (એન. સી. ભટ્ટ)ના તેઓ મામા થાય. જયાલક્ષ્મીબાના નામે વલ્લભીપુરમાં વાઘેશ્વરીના મંદિરમાં મુખ્ય હોલ છે તથા સેવામંડળ માટેની જમીનનું અનુદાન પણ તેમના નામે બોલે છે.

આપણી જ્ઞાતીના વાલમ બ્રાહ્મણ છાત્રાલય જે વિદ્યાનગર ખાતે આવેલ છે તે જમીનનું દાન પણ ભક્તરાજ દેવશંકર મહારાજે વિદ્યાર્થીઓના ભણતર હેતું કરેલ છે. આમ, બન્ને ભાઈબહેન દ્વારા જ્ઞાતિને જમીનનું દાન પ્રાપ્ત થયેલ છે.

ખાંધલી ગામમાં આજે પણ તેમના દ્વારા સેવા કરેલ રાજા રણછોડની મૂર્તિથી પ્રસિદ્ધ મંદિર છે. તેઓ ગામના બાળકોને મંદિરમાં બોલાવી વિષ્ણુસહસ્ત્રનો પાઠ કરવાનું કહેતા અને પછી તેમને તે માટે ખૂબ જ પ્રેરિત કરતા. તેમના એક શિષ્ય ડૉ. મણિભાઈ છોટાલાલ પટેલ આજે ચારૂસેટ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર છે અને તેઓ આજે પણ દેવશંકર ભગતનો ફોટો પોતાના ઘરના મંદિરમાં રાખી ગૂરુ પૂજા કરે છે.

દેવશંકર ભગતની દેરી ખાંધલી ગામમાં છે, જ્યાં ગામ લોકો આજેપણ ભજન કરી તેમની પૂજા કરે છે. તેઓનું મોક્ષ પરાયણ ભાદવા સુદ ત્રીજ (કેવડાત્રીજ)ના દીવસે થયેલ. તે દિવસે સંપૂર્ણ ગામ દાદાના માનમાં બંધ રહે છે.

• • •


શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ



**SAI FINANCIAL SERVICES**
**SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.**
**SHREE SAIRAM INVESTMART PVT. LTD.**
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877





# નિકોલ ગામ પંડ્યા પરિવારનું ગૌરવ

## વૈશ્વિક સ્તરે રજુ થઈ "AURESSE"- યુવા અર્થ પંડ્યા ની મોટી સિદ્ધિ

ન્યુઝીલેન્ડમાં ભારતના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ન્યુઝીલેન્ડના વડાપ્રધાન આદરણીય શ્રી ક્રિસ્ટોફર લક્ઝોન સમક્ષ રજુ થઈ નિકોલના યુવા ઉદ્યોગ સાહસિક ની સ્ટાર્ટઅપ બ્રાન્ડ - AURESSE.



નિકોલ ગામના પંડ્યા પરિવારના યુવા ઉદ્યોગ સાહસિક અર્થ જયેશકુમાર પંડ્યા એ ન્યુઝીલેન્ડમાં યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં પોતાની નવીન સ્ટાર્ટઅપ 3D પ્રિન્ટેડ શુઝ AURESSE- customise your Luxuryની સફળ રજૂઆત કરીને નિકોલ તથા ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય મંચ પર ઉજ્જવળ બનાવ્યું છે.

ન્યુઝીલેન્ડમાં ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાયેલા સ્પોર્ટ્સ શોકેસ કાર્યક્રમમાં અર્થ પંડ્યાને ભારતીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રતિનિધિ મંડળમાં ઉપસ્થિત રહેવાની તક મળી હતી. આ કાર્યક્રમમાં તેમણે પોતાના સ્ટાર્ટઅપના વિઝન, ટેક્નૉલૉજી, ડિઝાઈન અને વૈશ્વિક બજારમાં રહેલી સંભાવનાઓ વિશે ભારત તથા ન્યુઝીલેન્ડના વડાપ્રધાન સમક્ષ વિગતવાર રજૂઆત કરી હતી. તેમની રજૂઆતને બંને દેશોના વડાપ્રધાને ખૂબ જ રસપૂર્વક સાંભળી હતી અને તે માટે ચર્ચા પણ કરી હતી.

આ સિદ્ધિનું સૌથી વિશેષ પાસું એ રહ્યું કે આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ પોતાના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટ પર આ કાર્યક્રમના ફોટોગ્રાફ સાથે આ મુલાકાતને સ્થાન આપ્યું હતું. કોઈપણ નવોદિત સ્ટાર્ટઅપ માટે દેશના વડાપ્રધાનના સત્તાવાર સોશિયલ મીડિયા પર સ્થાન મળવું અને વૈશ્વિક ઓળખ બનવી એ ખૂબ જ આનંદ, વિશ્વાસ તથા ગૌરવની વાત છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ન્યુઝીલેન્ડના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ખેલાડી તથા ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની રોઝ ટેલરે પણ AURESSE બ્રાન્ડમાં વિશેષ રસ દાખવ્યો હતો. તેમણે અર્થ પંડ્યા સાથે ચર્ચા કરી આ બ્રાન્ડની વિશેષતા, કસ્ટમાઈઝેશન, ઉપયોગિતા, માર્કેટમાં ઉપલબ્ધતા વગેરે વિગતો પર ખૂબ જ ઉંડાણ પૂર્વક ચર્ચા કરી હતી. જે અર્થ પંડ્યા માટે એક ખૂબ જ ગૌરવપૂર્ણ વાત છે.

AURESSE એ વ્યક્તિગત પસંદગી મુજબ પ્રિમિયમ તથા લક્ઝરી શુઝને કસ્ટમાઇઝ કરવાની નવીન વિચારસરણી પર આધારિત સ્ટાર્ટઅપ છે. યુવા ઉદ્યોગ સાહસિક અર્થ પંડ્યાની આ પહેલ ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે પ્રેરણારૂપ બની રહી છે.

નિકોલના પંડ્યા પરિવારના આ ગૌરવપૂર્ણ પ્રસંગે સમગ્ર નિકોલ ગામમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. સ્થાનિક નાગરિકો, વેપારીઓ, જ્ઞાતિજનો, મિત્રો તેમજ અન્ય શુભેચ્છકો એ અર્થ પંડ્યાને અભિનંદન પાઠવી તેમની

ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી છે.

સમગ્ર વાલમ બ્રાહ્મણ સમાજ તથા નિકોલ ગામના યુવાનોને આ ઘટના સંદેશ આપે છે કે પ્રતિભા, નવીનતા અને દૃઢ સંકલ્પથી વૈશ્વિક સ્તરે પહોંચવું શક્ય છે. સ્થાનિક કક્ષાએથી શરૂ થયેલ સ્વપ્ન આજે આંતરરાષ્ટ્રીય ઓળખ તરફ વધી રહ્યું છે જે સમગ્ર પંડ્યા પરિવાર , નિકોલ ગામ તથા વાલમ બ્રાહ્મણ સમાજ માટે ખૂબ જ ગૌરવની બાબત છે.

અર્થ પંડ્યા ખૂબ જ પ્રગતિ કરી પંડ્યા પરિવાર, નિકોલ ગામ તથા સમસ્ત વાલમ બ્રાહ્મણ સમાજ નું નામ વૈશ્વિક સ્તરે રોશન કરે તેવી શુભેચ્છાઓ ! **જ્ઞાતિના જે કોઈને ફ્લેટફૂટની તકલીફ હોય તેમણે સંપર્ક કરવો. જ્ઞાતિના દરેક વ્યક્તિને સ્પેશયલ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. સંપર્ક નં. ૮૦૦૦૬૩૨૧૧૧ - અર્થ પંડ્યા**

• • •

## વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ ગૌરવ



કુળદેવી તથા ઈષ્ટદેવ ના આશીર્વાદ થી સહતંત્રીશ્રી ડૉ.હેમંતભાઈ એસ પંડ્યા તથા અ.સૌ.છાયાબેન ના સુપુત્ર **ચિ.દક્ષ** ફિઝિકલ એકટીવિટી અને સ્પોર્ટ્સ સાયન્સ વિષય સાથે UCAM યુનિવર્સિટી સ્પેન ખાતેથી પોતાનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. માતાપિતાની ઉપસ્થિતિમાં કોન્વોકેશનમાં પોતાની ડિગ્રી હાંસલ કરી દક્ષે સમગ્ર નિકોલ પંડ્યા પરિવાર તથા વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ ને ગૌરવ અપાવેલ છે. **ચિ. દક્ષ પંડ્યાને ખૂબ ખૂબ શુભકામનાઓ**

• • •



## ઈનામ વિતરણ

**કડી વાલમ બ્રાહ્મણ યુવક મંડળ** દ્વારા તા.૧૧.૦૭.૨૬ ને શનિવારે સરસ્વતી શીશુ મંદિર ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ નું આયોજન કરેલ. જેમાં સભ્યો પરીવાર સાથે બહોળી સંખ્યામાં હાજર રહી ને પ્રસંગ દીપાવ્યો. ઈનામ વિતરણ કાર્યક્રમ બાદ સૌ ભોજન લઈ ને છુટા પડેલ. કાર્યક્રમની ઝલક સામેલ છે.

NRM
SYNERGY
*We Make Things Possible*

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
**ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ**
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

### મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી

- ૧૦૧/- વ્રજ નીલેષ ઉપાધ્યાય, કુળદેવી ભેટ (૧૮૨૬૭)
- ૫૦૦/- આચાર્ય અધ્વર્યુ પરિવાર, વા.વ.સ., કુળદેવી શ્રી રાંદલ માતાજીના હવનનો અહેવાલ વા.વ.માં છપાવવા માટે, હ. કૌશીકજી. આચાર્ય (૧૮૨૬૮)
- ૫૦૦/- ભરત પ્રફુલ્લચંદ્ર અધ્વર્યુ, કુળદેવી ભેટ, કનેડા ખાતે કાયમી નિવાસમ ાટે જતા કુળદેવીશ્રીના ચરણ કમળમાં (૧૮૨૬૯)
  રદ બાતલ (૧૮૨૭૦)
- ૧૦૦૦/- મનોજ જનાર્દનભાઈ જોશી, વા.વ.સ., વા.વ.ના જુલાઈ માસના રંગીન પાનના પ્રાયોજક (૧૮૨૭૧)
- ૫૦૦૦/- રશ્મિકાંત કૃષ્ણકાંત આચાર્ય, છાત્રાલય ફંડ (૧૮૨૭૨)
- ૧૦૦૦/- ભરત પરશુરામ ગોર (યુ.કે.) તિથિદાન સ્વ. કાંતાબેન પરશુરામ ગોર (૧૮૨૭૩)
- ૧૨૦૦૦/- કીર્તિભાઈ રમેશચંદ્ર પંડ્યા, વા.વ.સહાય, તિથિદાન, સ્વ. રમેશચંદ્ર રામચંદ્ર પંડ્યા, અષાઢ સુદ ૧૧ , સ્વ. ચંદ્રમણી રમેશચંદ્ર પંડ્યા, જેઠ સુદ ૩, (૧૮૨૭૪)
- ૪૦૦૦/- જયેશ શરદચંદ્ર પંડ્યા, વા.વ.સહાય ચિ. દક્ષ અને ચિ. અર્થની મેટર વા.વ. પ્રસિદ્ધ અર્થે (૧૮૨૭૫)

### વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર ખાતે આવેલ ભેટ તથા વસ્તુની યાદી

- ૫૦૦/- લતાબેન યોગેશભાઈ વ્યાસ, કુળદેવી ભેટ (૫૦૭૪)
- ૨૦૦/- શનાયા ચિંતન ગોખલે, કુળદેવી ભેટ (૫૦૭૫)
- ૧૦૦/- દર્શ નિશાંત આચાર્ય, કુળદેવી ભેટ (૫૦૮૬)
- ૧૦૦/- વેદિકા અમિત આચાર્ય, કુળદેવી ભેટ (૫૦૮૭)
- ૨૦૦/- ભરત આર. ભટ્ટ, કુળદેવી ભેટ (૫૦૮૮)
- ૩૦૦/- શિવાંગ યોગેશભાઈ પાઠક, કુળદેવી ભેટ (૫૦૮૯)
- ૨૦૦/- પ્રમોદરાય એન. આચાર્ય, કુળદેવી ભેટ (૫૦૯૦)
- ૫૦૦/- વિશાલ જયપ્રકાશ શુક્લ, કુળદેવી ભેટ (૫૦૯૧)
- ૨૦૦/- રોમા મનિષ શુક્લ, પુનિતેશ્વરમ હાદેવ (૫૦૯૨)
- ૨૦૦/- જાસ્મિન આકાશ આચાર્ય, કુળદેવી ભેટ (૫૦૯૩)
- ૧૦૦/- વિભૂતિબેન વિરેન્દ્રભાઈ આચાર્ય, કુળદેવી ભેટ (૫૦૯૪)
- ૨૫૦/- પ્રિયાંક વિજયભાઈ આચાર્ય, કુળદેવી ભેટ (૫૦૯૫)
- ૧૦૦/- દિલીપભાઈ જે. દીક્ષિત, કુળદેવી ભેટ (૫૦૯૬)
- ૨૨૫૦/- વલ્લભીપુર તાલુકા શિક્ષક મીટિંગ, અન્ય આવક (૫૦૯૭)

#### વસ્તુભેટ

- ડોલ - ૧૦ નિલેશભાઈ રવિશંકર મહેતા, છલાળા (૦૨૩)

## ચારજથ્થા વાલમ બ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળની સાધારણસભા

ચારજથ્થા વાલમ બ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળની સાધારણસભા વડીલ સક્રિય સભ્ય શ્રી જયંતિલાલ જોશીની અધ્યક્ષતામાં તા.૧૨/૦૭/૨૦૨૬ના રોજ ધ્રાંગધ્રા ત્રિમંદિર ખાતે યોજાયેલ જેમાં સર્વાનુમતે પ્રમુખશ્રી તરીકે શ્રી કનકભાઈ જયંતિલાલ જોશી, ઉપપ્રમુખ તરીકે પંકજભાઈ ઉપાધ્યાય, મંત્રી તરીકે ભરતભાઈ વી. ભટ્ટ તથા ખજાનચી તરીકે રાજેશભાઈ કે. જોશીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. આ પ્રસંગે મહામંડળના ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ મહેતા તથા અન્ય સક્રિય સભ્યો ઉપસ્થિત રહેલ. સમૂહલગ્નના કન્વીનર શ્રી રસિકભાઈ જોશીએ આગામી સમૂહલગ્નમાં સમસ્ત વાલમ બ્રાહ્મણ ભાગ લઈ શકશે તેવી જાહેરાત કરેલ.

## અવસાન નોંધ

૧. અવિનાશભાઈ વિનુભાઈ ઉપાધ્યાય-યુ.એસ.એ.
૨. હેમાબેન મુકેશભાઈ(ભાસ્કરભાઈ) મહેતા - લીંબાસી
૩. પ્રદ્યુમનભાઈ દિનાનાથ ઠાકર-કઠવાડા, અમદાવાદ
૪. વિનોદચંદ્ર છોટાલાલ વ્યાસ, રાજકોટ
૫. બલવંતરાય ડી. મહેતા, ગાંધીનગર
૬. યોગેશભાઈ જયંતિલાલ જોષી, બોડીયા, મુંબઈ
૭. મંગુબેન માણેકલાલ પંડ્યા, ડરણ, અમદાવાદ
૮. સંદીપ ફૂલશંકર પંડ્યા, અમદાવાદ
૯. મહેશભાઈ મણીશંકર પંડ્યા, મુંબઈ
૧૦. સુશીલાબેન મનુભાઈ પંડ્યા, યુ.કે.(સોજીત્રા)

## વલ્લભ વિદ્યાનગર છાત્રાલય નવનિર્માણ માટે આવેલ દાન





### છાત્રાલય પુનઃનિર્માણ અંતર્ગત પ્રાપ્ત થયેલ અનુદાન

| | | |
|---|---|---|
| (૧) | ૫૧,૦૦,૦૦૦/- | એક પુનિત પ્રેમી સદ્‌ગૃહસ્થ, ૧૮૧૫૧, ૧૮૧૯૪ |
| (૨) | ૧૫,૦૦,૦૦૦/- | શ્રી હરિષભાઈ સૂર્યકાંત ભટ્ટ (અનુદાન જાહેર કરેલ છે.) |
| (૩) | ૧,૦૦,૦૦૦/- | નીતિનભાઈ ઈશ્વરભાઈ પટેલ, યુ.એસ.એ. હ. મનોજ જોષી, ગાંધીનગર, ૧૮૧૨૩ |
| (૪) | ૫૧,૦૦૦/- | કાર્તિકભાઈ રમેશભાઈ વ્યાસ, નાગપુર, ૧૮૧૩૫ |
| (૫) | ૫૧,૦૦૦/- | જીતેન્દ્રભાઈ નાગરદાસ પંડ્યા, ગોંડલ સ્ટેટના પી.એ. (અનુદાન જાહેર કરેલ છે.) |
| (૬) | ૩,૨૩,૩૦૭/- | ધજા પધરામણી ભેટ તથા પરચુરણ અનુદાન |

૫૦૦૦/- સ્વ. જયેન્દ્રબાળાબેન ઈન્દ્રવદન અધ્વર્યુંના સ્મર્ણાર્થે ભજન નિમીત્તે આવેલ ભેટ (૧૮૩૦૧)
૮૦૦/- સ્વ. જયેન્દ્રબાળાબેન ઈન્દ્રવદન અધ્વર્યુંના સ્મર્ણાર્થે ભજન આરતીમાં આવેલ ભેટ (૧૮૩૦૨)
૧૬૧૦/- અયોધ્યાનગરી, ઝુંડાલ ખાતે પધરામણી તથા ભજન ભેટ હસ્તે તેજસભાઈ દવે (૧૮૩૦૩)
૨૧૦૦૦/- પાર્થ ગૌતમભાઈ પંડિત (૧૮૩૦૪)
૫૦૦૦/- ભરત રમણીકલાલ ભટ્ટ (૧૮૩૦૫)

## સરસ્વતી સન્માન કાર્યક્રમ



શ્રી સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ, ગોંડલના ઉપક્રમે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવાનો સરસ્વતી સન્માન કાર્યક્રમ તા. ૧૧-૦૭-૨૦૨૬ના રોજ હેમવાડી, ગોંડલ ખાતે યોજાઈ ગયો. જેમાં કાર્યકરો, હોદ્દેદારો અને જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. સ્વાદિષ્ટ ભોજન લીધા બાદ સર્વે વિખરાયા હતા.

-યોગેન્દ્ર એમ. જોશી, પ્રમુખ

## યાત્રા પ્રવાસ

શ્રી લલિતભાઈ કનકરાય ઉપાધ્યાય તથા કુ.અમી લલિતભાઈ ઉપાધ્યાય શ્રી નિલયભાઈ અનંતરાય ઉપાધ્યાય, શ્રી મતિ મેઘનાબેન નિલયભાઈ ઉપાધ્યાય તથા કુ.ઉર્વાબેન તા.૧૮/૦૫/૨૬ થી ૦૧/૦૬/૨૬ ઉત્તરાખંડની યાત્રામાં આદિ કૈલાશ, ૐ પર્વત નેપાળ-તિબેટ બૉર્ડરની સુખરૂપ યાત્રા પૂર્ણ કરીને પરત આવેલ છે. મહામંડળને ૨૦૧ ભેટ મળેલ છે.

સમગ્ર ગુજરાત
ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ સેવા
ઓનલાઇન નામ ફેરફાર માટે સંપર્ક કરોઃ
વિશ્વસનીય અને સરળ સેવા
રાજેશ ભટ્ટ
9824503354
- વીજળી બિલ (તમામ કંપનીઓ), સમગ્ર ગુજરાત
- પ્રોપર્ટી ટેક્સ (તમામ કોર્પોરેશન), સમગ્ર ગુજરાત
- ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ સેવાઓ
- ગુજરાતની તમામ ડિજિટલ ઓનલાઇન સેવાઓ
KR Financial Services
Life Insurance | General Insurance | Mutual Fund

# તિથિદાન

**અષાઢ વદ ૧૪ થી શ્રાવણ વદ ૧૪ (તા. ૧૧-૦૮-૨૦૨૬ થી ૧૦-૦૯-૨૦૨૬) સુધી**

**સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન**

**અષાઢ વદ ૧૪**
બાલકૃષ્ણ વનમાળીદાસ પંડિત
હર્ષલતાબેન વિજયભાઈ ગોર
મુકેશભાઈ મધુચંદ્ર મહેતા

**અષાઢ વદ ૧૫**
નટવરલાલ સદાશીવરાય અધ્વર્યું
વિષ્ણુપ્રસાદ મણીશંકર ભટ્ટ
ચંપાબેન રવિશંકર મહેતા
ભાઈલાલભાઈ ચતુરભાઈ ગોર

**શ્રાવણ સુદ ૧**
જીવનણલાલ કેશવરામ આચાર્ય
કૌશલ શૈલેષભાઈ જોશી
મનસુખલાલ ત્ર્યંબકેશ્વર ઉપાધ્યાય
પરમાનંદભાઈ શિવશંકરભાઈ મહેતા
ભાનુમતિબેન (દુર્ગાબેન)
ગુણવંતરાય મહેતા
પ્રફુલ્લભાઈ મૂળશંકર ભટ્ટ

**શ્રાવણ સુદ ૨**
ઈન્દુબેન અંબાશંકર ભટ્ટ
કાશીબા અંબાશંકર ભટ્ટ
કાશીબા ચુનીલાલ શુક્લ
સૌરભાઈ ગૌરીશંકર મહેતા

**શ્રાવણ સુદ ૪**
જશુમતીબેન કાંતિલાલ દિક્ષીત
ગીરીશચંદ્ર કાંતીલાલ ઉપાધ્યાય
કમળાબેન ચીમનલાલ ઉપાધ્યાય
ફુલશંકર ત્રિભોવનભાઈ ઠાકર
યોગેશ પ્રફુલ્લચંદ્ર પાઠક

**શ્રાવણ સુદ ૫**
લક્ષ્મીશંકર ક્રિપાશંકર પાઠક

**શ્રાવણ સુદ ૬**
જયાબેન (કુમુદબેન) ગુણવંતરાય આચાર્ય
દિનેશકુમાર શાંતિલાલ પંડ્યા
વિદ્યાબેન બાબુલાલ ભટ્ટ

**શ્રાવણ સુદ ૭**
હસુમતીબેન સૂર્યકાંત જોશી
બળવંતરાય મોહનલાલ ભટ્ટ
નરેશબાઈ મુગટલાલ રાવલ

**શ્રાવણ સુદ ૮**
મગનલાલ જટાશંકરવ્યાસ
શરદચંદ્ર ઉમિયાશંકર પંડ્યા
ચંદ્રકાંત સંપતલાલ પંડ્યા
કૃષ્ણકાંત નાથાલાલ જોષી

**શ્રાવણ સુદ ૯**
હંસાબેન હિતેશકુમાર ભટ્ટ
સુશીલાબેન હરેશભાઈ મહેતા

**શ્રાવણ સુદ ૧૦**
પંકજકુમાર વિનયચંદ્ર ઉપાધ્યાય
અનંતભાઈ શિવશંકર અધ્વર્યું

**શ્રાવણ સુદ ૧૧**
સુનંદાબેન કનૈયાલાલ પુરોહિત
દામોદરદાસ ઝવેરચંદ્ર અધ્વર્યું
સૂર્યકાંતાબેન (સૂર્યાબા) શાંતિલાલ ઉપાધ્યાય
વિમળાબેન કાંતિલાલ પુરોહિત
લીલાવતીબેન કાંતિલાલ ઉપાધ્યાય
દેવીન્દ્રા (દેવી) જીતેન્દ્રભાઈ પંડ્યા
હંસાબેન ભગવતીપ્રસાદ પુરોહિત
વિજયભાઈ સૂર્યકાંત ગોર
વિજયભાઈ કિશોરચંદ્ર આચાર્ય
અશ્વિનભાઈ રામકૃષ્ણ ઉપાધ્યાય
રશ્મીબેન નિરંજનભાઈ પંડ્યા

**શ્રાવણ સુદ ૧૨**
શાંતિલાલ કરસનજી મહેતા

**શ્રાવણ સુદ ૧૩**
મનવંતરાય ઈશ્વરલાલ ઉપાધ્યાય
મંજુલાબેન રજનીકાંત જોષી

**શ્રાવણ સુદ ૧૪**
અંબાશંકર પોચાભાઈ ઉપાધ્યાય
પ્રકાશચંદ્ર નવિનચંદ્ર આચાર્ય
વિદ્યાબા શાંતિલાલ પંડ્યા
હરેશભાઈ સોમનાથ મહેતા

**શ્રાવણ સુદ ૧૫ (બળેવ)**
સવિતાબેન જીવણલાલ આચાર્ય
અનસુયાબેન સૂર્યકાંત ગોર
હીરાલક્ષ્મીબેન ગુણવંતરાય જોષી

**શ્રાવણ વદ ૧**
બાલકૃશ્ણ વિષ્ણુરામ વૈદ્ય

**શ્રાવણ વદ ૨**
માણેકલાલ નાગરદાસ મહેતા
ચંચળબેન માણેકલાલ પંડ્યા

**શ્રાવણ વદ ૩**
શશીકાલાબેન મૂળશંકર ભટ્ટ
જીતેન્દ્રકુમાર કાંતિલાલ વ્યાસ

**શ્રાવણ વદ ૪**
પરમાનંદ જયંતિલાલ પાઠક
નર્મદશંકર ચુનીલાલ ગોર
કલાવતીબેન હરિકૃષ્ણ હેતા

સુભદ્રાબેન રવિશંકર આચાર્ય
રમણલાલ પ્રભાશંકર શુક્લ
દમયંતીબેન પરમાનંદ આચાર્ય

**શ્રાવણ વદ ૫**

વિષ્ણુપ્રસાદ હરજીવનદાસ અધ્વર્યુ
કૈલાસબેન જેઠારામ જોષી

**શ્રાવણ વદ ૬**

હરકાંત ભાઈશંકર ઉપાધ્યાય
અન્નપૂર્ણાબેન ચંપકલાલ ભટ્ટ
મહાલક્ષ્મીબેન છોટાલાલ પાઠક
ઉલ્લાસબેન તુલસીરામ વ્યાસ

**શ્રાવણ વદ ૭**

મનહરલાલ જમનાશંકર ઉપાધ્યાય
શાંતાબેન મૂળશંકર ઉપાધ્યાય

**શ્રાવણ વદ ૮ (જન્માષ્ટમી)**

રજનીકાંત શંકરલા જોષી
ફુલાશંકર નાથાલાલ વ્યાસ
પ્રફુલાબેન ગીરીશચંદ્ર પંડ્યા
શર્મિષ્ઠાબેન હર્ષદભાઈ આચાર્ય

**શ્રાવણ વદ ૯**

કાંતિલાલ નટવરલાલ દિક્ષીત
નયનકુમાર ભગવતભાઈ પંડ્યા
હરિશંકર શંકરલાલ મહેતા
ઉપેન્દ્રકુમાર ચંદુલાલ અધ્વર્યુ

**શ્રાવણ વદ ૧૦**

વૃજવલ્લભ શિવશંકર શાસ્ત્રી
ઈલાબેન ભૂપેન્દ્રભાઈ આચાર્ય
ઉપેન્દ્રભાઈ કૃષ્ણનાથ ગોર
હિતેષ મહેન્દ્રભાઈ ભટ્ટ
કૌમુદીની જનાર્દન જોષી

**શ્રાવણ વદ ૧૧**

કાશીબેન રતિલાલ ઉપાધ્યાય
રાકેશભાઈ જેઠાલાલ પંડ્યા
મુગટલાલ પિતાંબરદાસ રાવલ
શાંતાબેન માણેકલાલ પંડ્યા

**શ્રાવણ વદ ૧૨**

મંગળાબેન પુરુષોત્તમદાસ પુરોહિત

**શ્રાવણ વદ ૧૩**

પ્રકાશચંદ્ર અંબાશંકર ભટ્ટ
ઠાકોરભાઈ ગણપતરામ મહેતા

**શ્રાવણ વદ ૧૪**

પદમાબેન શંકરપ્રસાદ આચાર્ય
બાલકૃષ્ણ (કાકુભાઈ) તુલજાશંકર વ્યાસ
મણીશંકર પોપટલાલ ઉપાધ્યાય
કમળાબેન કિરપાશંકર જોષી

**ખાસ નોંધ : તિથિમાં સુધારા-વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી દિલીપભાઈ જમનાશંકર મહેતાનો વૉટ્સઍપ નં. 9898668268 પર સંપર્ક કરવા વિનંતી.**

**જન્મદિવસની શુભેચ્છા**

૧૬/૮ ઝંખના અમીતભાઈ આચાર્ય
૨૦/૮ વિવેક બીજલભાઈ પુરોહિત
૨૦/૮ ઋતુ કીર્તનભાઈ દીક્ષિત
૨૦/૮ પરમાનંદભાઈ એમ. મહેતા
૨૪/૮ ચાંદની કંદર્પ વ્યાસ
૨૮/૮ વિદિકા અમિતભાઈ આચાર્ય
૩૦/૮ ડૉ. અરવિંદભાઈ ભોગીલાલ વ્યાસ
૧૦/૯ અમીત બાલમુકુન્દ આચાર્ય
શ્રાવણ સુદ ૫, પદમાબેન ચંદ્રકાંત ભટ્ટ
શ્રાવણ સુદ ૮, રીટાબેન રાજેન્દ્રભાઈ દીક્ષિત
શ્રાવણ વદ ૫, દેવયાનીબેન મહેશભાઈ દીક્ષિત

## તાજેતરમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ જોગ...

તાજેતરમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોને વિનંતી કે ધો. ૧૦ અને ૧૨માં અનુક્રમે ૯૫ અને ૯૦ પર્સન્ટાઈલ તથા ડિપ્લોમા, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૬૫% કે તેથી વધુ માર્ક્સ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ માર્કશીટની નકલ તથા પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે પૂરું નામ, સરનામું, મોબાઈલ નંબર, કેન્સલ ચેક સાથે ચાર વિભાગમાંથી ક્યા વિભાગમાં છો તે લખીને પોસ્ટ/કુરિયર દ્વારા મોડામાં મોડા તા. ૩૧-૦૮-૨૦૨૬ સુધી નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે. પ્રાપ્ત થયેલ માર્કશીટોને જ મહામંડળના ઈનામ અને સ્કોલરશીપ માટે ગણતરીમાં લેવામાં આવશે.

**નિલેશભાઈ શુક્લ, શિક્ષણ કમિટી કન્વીનર, વૉટ્સએપ નંબર : ૯૮૨૪૪૮૯૯૧૦**
**સરનામું : ૪૨, નહેરૂનગર સોસાયટી, રામદેવપીર મંદિર સામે, પીજ રોડ, નડિયાદ - ૩૮૭૦૦૨.**

નોંધ : તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાસ વિનંતી કે દિકરા કે દિકરી અથવા માતાપિતાનું જે બેન્કમાં એકાઉન્ટ હોય તેના કેન્સલ ચેક માર્કશીટ સાથે અવશ્ય મોકલવાના રહેશે.

# હૃદયાંજલિ








જન્મ : ૧૭-૮-૧૯૪૮

દેહવિલય : ૧૬-૬-૨૦૨૬

## સ્વ.અ.સૌ. જયેન્દ્રબાળા ઈન્દ્રવન અધ્વર્યુ

જાને ચલે જાતે હૈં કહાં
દુનિયા સે જાનેવાલે, જાને ચલે જાતે હૈં કહાં
દુનિયા સે જાનેવાલે, જાને ચલે જાતે હૈં કહાં
કૈસે ઢૂંઢે કોઈ ઉનકો, નહીં કદમોં કે ભી નિશાં
દુનિયા સે જાનેવાલે, જાને ચલે જાતે હૈં કહાં
જાને હૈં વો
જાને હૈં વો, કૌન નગરિયાં
આએ જાએ ખત ના ખબરિયાં
આએ જબ જબ ઉનકી યાદેં
આએ હોઠોં પે ફરિયાદેં
જાકે ફિર ના આને વાલે
જાને ચલે જાતે હૈં કહાં
દુનિયા સે જાનેવાલે, જાને ચલે જાતે હૈં કહાં
યે બિરહા કી
યે બિરહા કી, રાત હૈં ઐસી



જી ના માને બાત હૈં ઐસી
કલ ઉનકો દેખા મુસ્કાતે
ચલતે ફિરતે આતે જાતે
ઐસે આને જાને વાલે
જાને ચલે જાતે હૈં કહાં
દુનિયા સે જાનેવાલે, જાને ચલે જાતે હૈં કહાં
મેરે બિછડે
મેરે બિછડે, જીવન સાથી
સાથી જૈસે દીપક બાતી
મુઝસે બિછડ ગએ તુમ ઐસે
સાવન કે જાતે હી જૈસે
ઉડકે બાદલ કાલે કાલે
જાને ચલે જાતે હૈં કહાઁ
દુનિયા સે જાનેવાલે, જાને ચલે જાતે હૈં કહાં
કૈસે ઢૂંઢે કોઈ ઉનકો, નહીં કદમોં કે ભી નિશાં
દુનિયા સે જાનેવાલે,
જાને ચલે જાતે હૈં કહાં...!

**સોજીત્રા થી એજેક્સ(કેનેડા) વાયા અમદાવાદ**
**જીવનસફર સફળ કરી તરી ગયા**
**અમે સૌ પરિવારજનો અશ્રુભીની હૃદયાંજલિ અર્પણ કરીએ છીએ.**
**લિ.**

**ઈન્દ્રવદન હરગોવિંદદાસ અધ્વર્યુ, એજેક્સ કેનેડા (અમદાવાદ) અને પરિવાર**

## રંગપૂર્ણી હરિફાઈમાં ભાગ લીધેલ જ્ઞાતિજનોની યાદી

વા.વ.ના માધ્યમથી વૅકેશનમાં બાળકો પ્રવૃત્તિશીલ રહે તથા એકમેકની નજીક આવે અને જ્ઞાતિ સાથે જોડાય તે હેતુસર આયોજિત રંગપૂર્ણી હરિફાઈમાં સહતંત્રીશ્રી ડૉ. હેમંતભાઈ પંડ્યાએ ખૂબજ સુંદર સંકલન કરેલ છે. સદર સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગુજરાત રાજ્યના જાણીતા ચિત્રકાર અનિલ એચ. શ્રીમાળીએ સેવા આપી હતી. જેમાં નીચેના સભ્યોએ ભાગ લીધેલ હતો.

૧. નવ્ય તેજસકુમાર ઉપાધ્યાય નિકોલ, અમદાવાદ
૨. શૌર્ય મેહુલ ભટ્ટ શેલા, અમદાવાદ, ધો-૪
૩. રાહી કમલેશભાઈ પંડ્યા (જશાપર), જસદણ, રાજકોટ, ધો-૬
૪. ભાવી કમલેશભાઈ પંડ્યા(જશાપર) જસદણ રાજકોટ, ધો-૩
૫. શર્વ્યા ભવ્યાંગ શુક્લ કેનેડા ધો-૭
૬. કેશવી ઉપાધ્યાય અમદાવાદ ઉ.વ. ૧૦.
૭. ક્રિષ્વી આશિષ આચાર્ય ગોંડલ ધો-૨
૮. આભા ભટ્ટ USA (૧૪ વર્ષ) ધો- ૬
૯. વરદ ભટ્ટ (૯ વર્ષ) ધો- ૩
૧૦. પ્રશાંત હેમલ ઉપાધ્યાય રાજકોટ (૧૦ વર્ષ)
૧૧. કનિષ્કા મનીષ શુક્લ સેટેલાઈટ, અમદાવાદ
૧૨. દીત્યા હેમલ ભટ્ટ મણીનગર અમદાવાદ ૯ વર્ષ
૧૩. દીયા હેમલ ભટ્ટ મણીનગર અમદાવાદ ૯ વર્ષ
૧૪. પ્રિહાન ધવલ ભટ્ટ ૬ વર્ષ Sr.KG ગોતા અમદાવાદ
૧૫. હીરવા વિજયકુમાર રાવલ ૭ વર્ષ સેકટર-૨૦, ગાંધીનગર
૧૬. સંભવી શાંતનુ ઉપાધ્યાય ૬ વર્ષ કાંદીવલી વેસ્ટ મુંબઈ
૧૭. ક્રિશાંગ મલ્હાર વ્યાસ ૧૨ વર્ષ ધો-૬
૧૮. કેશવી વ્યાસ 2nd દહીસર મુંબઈ
૧૯. નિષ્ઠા મનન આચાર્ય ૧૧ વર્ષ ધો-૬
૨૦. વ્યાસ હર્ષ જેકમેન ધો-૧, ૭ વર્ષ વડોદરા
૨૧. વ્યાસ માગી જેકમેન, ધો- ૫, ૧૦ વર્ષ
૨૨. ઉપાધ્યાય ધ્વનિત ૧૦ વર્ષ ધો- ૫ ઈમેજ ઇ. સ્કૂલ
૨૩. ઉપાધ્યાય નિર્મિત ૧૩ વર્ષ ધો- ૮ ઈમેજ ઇ. સ્કૂલ
૨૪. જાગ્રત ઉર્મિલભાઈ આચાર્ય મણીનગર અમદાવાદ
૨૫. મંત્ર રાવલ લંડન ૮ વર્ષ
૨૬. અક્ષય નિલય પંડ્યા જૂનાગઢ
૨૭. દેવ રવિકુમાર પાઠક સોજિત્રા - આણંદ
૨૮. પરિધિ કશ્યપ મહેતા નડિયાદ ઉ.વર્ષ- ૪.૫
૨૯. સાચી શુભાંગ મહેતા ઉંમર ૪ વર્ષ, ઓસ્ટ્રેલિયા
૩૦. નીવ શુભાંગ મહેતા ઉંમર ૮ વર્ષ, ઓસ્ટ્રેલિયા
૩૧. માધવન અંકુર વ્યાસ 6 વર્ષ, સિડની ઓસ્ટ્રેલિયા
૩૨. નકુલ ભટ્ટ કેનબેરા, ઓસ્ટ્રેલિયા

પ્રથમ નંબર **વરદ ભટ્ટ(અમેરિકા)**, દ્વિતીય નંબર **દિયા હેમલ ભટ્ટ (અમદાવાદ)** અને તૃતીય નંબર **શ્રવ્યા ભવ્ય શુક્લ (કેનેડા)**એ પ્રાપ્ત કરેલ છે. આશ્વાસન ઈનામ **નિર્મિત ડી. ઉપાધ્યાય, અમદાવાદ, રાહી કમલેશભાઈ પંડ્યા, જશાપરે** પ્રાપ્ત કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદન ! વિજેતા ચિત્રો ભવિષ્યના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**To :**

**From :**
**Editor,**
**Valam Brahman Gnati Vartaman**
C/8, Prarthna Appartment,
Opp. Ankur High School,
Fatehnagar, Paldi, **AHMEDABAD - 380007**
(Gujarat), INDIA.

Printed and Published by **DIXIT KIRTAN RAJENDRA** on behalf of **VALAM BRAHMAN MAHAMANDAL** and printed at GAYATRI MUDRANALAYA, 10, L. B. Estate, Opp. Ajmeri Estate, Dhobhi Ghat, Dudheshwar, Ahmedabad - 380001 and published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad - 380007.
**Editor : DIXIT KIRTAN RAJENDRA**

**ખાસ નોંધ : મુખપત્રમાં કોઈપણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી**